રજા પ્રવાસ રાહત યોજના અંતર્ગત
લક્ષદ્વિપ ટાપુસમુહના પ્રવાસ
બાબતના મુસાફરીના દાવાઓની
આકારણી કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 1 OCT 2019

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૨૮/૮/૨૦૧૫ નો ઠરાવ ક્ર. મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯ - ચ

(૨) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શનના તા. ૧૧/૧૦/૨૦૧૮ નું ઓફીસ મેમોરેન્ડમ

## પ્રસ્તાવના

રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત ઉપર વંચાણે (૧) માં લીધેલ તા. ૨૮/૮/૨૦૧૫ ના ઠરાવથી સંકલીત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સદરહુ ઠરાવના પારા ૩.૧(૩)(બ) થી રાજ્ય સરકારના કર્મચારીઓ રજા પ્રવાસ રાહત હેઠળ આંદામાન, નિકોબાર અને લક્ષદ્વિપ ટાપુ સમુહ, કે જે ભારતમાં આવેલ હોવાથી આ ટાપુઓ પર રજા પ્રવાસની મુસાફરી કરી શકવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં આંદામાન અને નિકોબાર ટાપુસમુહની મુસાફરી માટે શીપીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા દ્વારા ચલાવવામાં આવતા જહાજ દ્વારા મુસાફરી કરવા તથા કર્મચારી/અધિકારીના પગારધોરણ મુજબ પાત્રતાના ધોરણો નક્કી કરવામાં આવેલ છે પરંતુ લક્ષદ્વિપ ટાપુસમુહની મુસાફરી માટે આ પ્રકારની કોઇ જોગવાઇ કરવામાં આવેલ ન હતી. રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારી દ્વારા એલટીસીના હેતુ માટે લક્ષદ્વિપ ટાપુસમુહનો પ્રવાસ કરવામાં આવે છે અને કર્મચારીઓ દ્વારા મુસાફરી ખર્ચના દાવાઓ રજુ કરવામાં આવે છે. સદરહુ ઠરાવમાં લક્ષદ્વિપ ટાપુસમુહની મુસાફરી માટે કઇ એજન્સી/સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા જહાજને માન્ય ગણવા અને કર્મચારી/અધિકારીના પગારધોરણ મુજબ પાત્રતાની જોગવાઇ કરવામાં આવેલ ન હોવાથી, આવી મુસાફરી કરવા બાબતના દાવાઓ મંજુર કરવામાં મુશ્કેલીઓ અનુભવાતી હોવાની બાબત ધ્યાન ઉપર આવેલ છે.

# ઠરાવ

(૧) પુખ્ત વિચારણાના અંતે ઠરાવવામાં આવે છે કે, રજા પ્રવાસ રાહત યોજના અંતર્ગત લક્ષદ્વિપ ટાપુ સમુહના સ્થળો વચ્ચે મુસાફરી માટે SOCIETY FOR PROMOTION OF NATURE, TOURISM AND SPORTS (SPORTS) સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા જહાજ દ્વારા કરવામાં આવેલ મુસાફરીને માન્ય ગણવાની રહેશે.

(૨) સદરહુ મુસાફરી ખર્ચના દાવા માટે અધિકારી/કર્મચારીની પગાર આધારીત પાત્રતા ધ્યાને લીધા સીવાય, SPORTS સંસ્થા દ્વારા આપવામાં આવતા **ફક્ત મુસાફરી ખર્ચ (Transportation Cost) અને સર્વિસ ટેક્સ સાથેના પ્રમાણપત્ર મુજબના** દાવાઓ મંજુર કરવાના રહેશે.

(૩) પ્રસ્તુત ઠરાવની રવાનગી પહેલા જો કોઇ કેસો વિનિયમિત થયેલ હશે તો તે પુન: ઉખેડવાના રહેશે નહીં. હાલમાં તિજોરી કચેરી ખાતે પડતર હોય તેવા તમામ કેસો પરત્વે આ સુચના મુજબ અમલ કરવાનો રહેશે.

(૪) નાણા વિભાગના તા. ૨૮/૮/૨૦૧૫ ના સમાનાંકી ઠરાવથી કરવામાં આવેલ અન્ય તમામ જોગવાઇ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ-:</u>

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર..
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર..
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી)એ.એન્ડ ઇ(., ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
સિલેક્ટ ફાઇલ
* પત્ર દ્વારા